EDII

Divya Bhaskar

March 6, 2025
Page No. 1
(City Bhaskar)

CB EXCLUSIVE **‘હસ્ત કલા યોજના’ હેઠળ ગુજરાત સરકાર, EDII હસ્તકલા, કારીગરો માટે વૈશ્વિક માન્યતા મેળવવા માટે કામ કરે છે**

# આ વર્ષે સૌરાષ્ટ્ર બીડ વર્ક, પાટણ મશરુ વણાટ સહિત 4 ક્રાફ્ટને GI ટેગ અપાશે

**યશ પટવર્ધન, ગાંધીનગરઃ** જિયોગ્રાફિકલ ઈન્ડિકેશન્સસ (GI) ટેગ એ વિશિષ્ટ ઓળખકર્તા છે, જેનો ઉપયોગ ચોક્કસ ભૌગોલિક પ્રદેશમાંથી ઉદ્ભવતા ઉત્પાદનોને ચિહ્નિત કરવા માટે થાય છે, જે તેમના મૂળ સ્થાન સાથે જોડાયેલા ગુણ, પ્રતિષ્ઠા અથવા વિશિષ્ટ લાક્ષણિકતાથી સંપન્ન હોય છે. GI એ એક પ્રમાણપત્ર છે, જે કોઈ ચોક્કસ પ્રદેશમાંથી ઉદ્ભવતા ઉત્પાદનને ઓળખે છે, જે તેના યુનિક ગુણો અને પ્રતિષ્ઠામાં ફાળો આપે છે.

GI ટેગ સામાન્ય રીતે કૃષિ, કુદરતી અથવા ઉત્પાદિત માલ પર લાગુ પડે છે. ભારત સરકારની મિનિસ્ટ્રી ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી હેઠળ GI ટેગ આપવામાં આવે છે. આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII) દ્વારા સમગ્ર દેશમાંથી આ પ્રકારના ક્રાફ્ટ શોધીને તેને GI ટેગ માટે તૈયાર કરાય છે. આ વર્ષે ગુજરાતના 4 ક્રાફ્ટને GI ટેગ મળવાની શક્યતા છે. EDIIના ડીજી ડૉ. સુનિલ શુક્લાએ જણાવ્યું, ‘ગુજરાત પાસે કલા, હસ્તકલાનો સમૃદ્ધ વારસો છે. ‘હસ્ત કલા યોજના’ હેઠળ ગુજરાત સરકાર, EDII અનેક હસ્તકલા અને કારીગરો માટે વૈશ્વિક માન્યતા મેળવવા માટે કામ કરે છે. GI ટેગની માન્યતા પેઢીઓથી સચવાયેલી વિશિષ્ટ સાંસ્કૃતિક વારસા અને કારીગરીની ઉજવણી સાથે સ્થાનિક કારીગરોની આંતરરાષ્ટ્રીય ઓળખ પણ સુનિશ્ચિત કરે છે.

## GI ટેગ શા માટે મહત્ત્વપૂર્ણ છે?

- **ફેર ટ્રેડને પ્રોત્સાહન આપવું:** GI ટેગ ખાતરી કરે છે કે, ઉત્પાદકોને તેમના કાર્ય માટે યોગ્ય માન્યતા અને વાજબી વળતર મળે.
- **પ્રતિષ્ઠા વધારવી:** GI ટેગ ઉત્પાદનની ગુણવત્તા અને મૂલ્યમાં વધારો કરે છે.
- **માર્કેટ પ્રોટેક્શન:** તે સ્થાનિક ઉત્પાદકોને નકલી અથવા સમાન ઉત્પાદનો દ્વારા ઉભી થતી સ્પર્ધાથી સુરક્ષિત કરે છે.
- **ઉત્પાદન ભેદ:** GI ટેગ ગ્રાહકોને ઓરિજનલ ઉત્પાદનો ઓળખવામાં મદદ કરે છે.

## સ્થાનિક ઉત્પાદકો માટે GIના ફાયદા

(1) **કાનૂની રક્ષણઃ** GI ટેગ નોંધાયેલા ઉત્પાદનોના અનધિકૃત ઉપયોગ સામે રક્ષણ સુનિશ્ચિત કરે છે.

(2) **આર્થિક સમૃદ્ધિઃ** તે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારો ખોલીને ઉત્પાદકોની આવકમાં વધારો કરે છે.

(3) **નિકાસ વૃદ્ધિઃ** GI ટેગવાળા ઉત્પાદનોની ઘણીવાર વૈશ્વિક બજારોમાં ઉચ્ચ માગ હોય છે, જેનાથી નિકાસમાં વધારો થાય છે.

## આ વર્ષે રાજ્યના 4 ક્રાફ્ટને GI ટેગ આપવામાં આવશે

- સૌરાષ્ટ્ર બીડ વર્ક
- પાટણ મશરૂ વણાટ
- જસદણ પટારી ક્રાફ્ટ
- ખાવડા પોટરી ઑફ કચ્છ

**GI ટેગ ધારકો આ ચેલેન્જનો સામનો કરે છેઃ** નકલનો પ્રશ્ન, જ્યાં અનધિકૃત ઉત્પાદન અને અનુકરણ સારા ગુણવત્તાના ઉત્પાદકો માટે પડકાર બને છે. ત્યારબાદ નિયમનકારી અવરોધો મહત્વપૂર્ણ પડકાર છે, કારણ કે ઉત્પાદકો માટે કાનૂની માળખાને સમજવું જટિલ બની શકે છે.

## GI ટેગની રજિસ્ટ્રેશન પ્રોસેસ

- અરજદારને GI ટેગના રજિસ્ટ્રેશન માટે અરજી દાખલ કરવી પડે છે.
- નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટે અરજીની તપાસ થાય છે.
- જો કોઈ વાંધો હોય તો, સુનાવણી દ્વારા ઉકેલવામાં આવે છે.
- એકવાર સ્વીકારાયા પછી, અરજી GI જર્નલમાં પ્રકાશિત થાય છે.
- પ્રકાશન પછી, થર્ડ પાર્ટી વિરોધ ઉઠાવી શકે છે.
- ઉકેલાયેલા વિરોધને અપ્રૂવલ મળે છે અને વણ ઉકેલાયેલાને રિફ્યુઝલ
- રિફ્યુઝલ્સને ઈન્ટલેક્ચ્યુઅલ પ્રોપર્ટી અપેલીટ બોર્ડમાં (IPAB)માં અપીલ કરી શકાય છે.
- મંજૂર અરજીઓ GI રજિસ્ટરમાં દાખલ કરવામાં આવે છે.

**GI ટેગ વૈશ્વિકરણના કારણે વારસો અને કારીગરી ખોવાઈ ન જાય, તેની ખાતરી કરે છે :** GIs માર્કેટિંગને પ્રોત્સાહન આપવા, પરંપરાગત જ્ઞાનનું રક્ષણ કરવા અને ઉત્પાદકો માટે નવી બજાર તકો પૂરી પાડવા માટે આવશ્યક છે. તે ખાતરી કરે છે કે, વૈશ્વિકરણ અને કોમોડિટીકરણના કારણે વારસો અને કારીગરી ખોવાઈ ન જાય. GI ટેગ મળ્યા બાદ EDII માર્કેટ એક્સેસ, કેપેસિટી બિલ્ડીંગ, બ્રાન્ડીંગ અને પેરેજિંગ અને લિગલ સપોર્ટ આપે છે.